# જુનાગઢના નામદાર એડી. જયુડિ. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, જુનાગઢ

**ફોજદારી કેસ નં.૨૩૧૯/૨૬**

**–: ચુકાદો :–**

(૧) હાલના કામના **આરોપી ઘેલાભાઈ ભીખાભાઈ ટારીયા** સામે ગુજરાત નશાબંધી અધિનીયમ, ૧૯૪૯ ની કલમ ૬૬–૧–બી હેઠળની ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થઈ, સ્વૈચ્છીક કબુલાત આપવાનું કહેતા હોય, અને આરોપીની કબુલાત સ્વીકારી, કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ હોવાનું જાહેર કરે છે

(૩) આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી જાહેર કરે છે કે તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળવા અરજ કરેલ છે. વધુમા આ કબુલાત સ્વૈચ્છીક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવુ કૃત્ય નહીં કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

રેકર્ડ ઉપર આવેલ વિગતો તથા આરોપીના સંજોગો ધ્યાને લઈ તેને સુધરવાની તક આપી ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

હાલના કેસના **આરોપી ઘેલાભાઈ ભીખાભાઈ ટારીયાને ભારતીય નાગરીક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૨૭૫** ના અન્વયે **ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૬–૧–બી** મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા. ૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા) નો દંડ ફરવામાં આવે છે અને દંડની રકમ ન ભરે તો દિન – ૧ (એક)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ગેરકાયદેસરના મુદામાલને નષ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે. વાહન/મોબાઈલનો વચગાળાના હુકમ થયા હોય તો એ હુકમ કાયમ રાખવ્નો અને ન થયો હોય તો માલીકીની ખરાઈ કરીને પરત આપવાનો તથા આરોપીના બેલ બોન્ડ રદ ગણવા તેમજ જામીનદારે જામીન પેટે કોઈ પેનલ્ટી ભરેલ હોય તો તે સરકાર ખાતે ખાલસા કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

આજરોજ તા. ૧૧ મી માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં ઠરાવ જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૬

જુનાગઢ

**(કે.એ.મારવાહા)**
**એડી. જયુડી. મેજી. ફ.ક. જજ,**
**જુનાગઢ**
**જજ કોડ જી.જે. ૦૧૫૫૮**

**એમ.એમ.નં...........થી તા.૧૧/૦૭/૨૬ ના રોજ રૂા............ દંડના વસુલ લીધા.**

**નાઝીર**
**ચીફ કોર્ટ જુનાગઢ**